



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ -સંગે બનાસકાંઠા જીલ્લાના પાલનપુર મુકામે સાંસદશ્રી હરિભાઈ ચૌધરી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. પટેલના હસ્તે શહેરની બ્રાન્ચ શાળા નં. - ૪-ફાંસીયા ટેકરા, બ્રાન્ચ શાળા નં.-૧ ગઠામણ દરવાજા અને ગણેશપુરા -નથમિક શાળાઓમાં બાળકોને ધો. ૧માં -વેશ અપાવી ઉજજવળ અને સુખમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. સાંસદશ્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે શિક્ષણનું જીવનમાં અપાર મહત્વ છે તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ ત્યારે આપણું બાળક અભ્યાસથી વંચિત ન રહે તેની કાળજી રાખીને બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી સારૂ ભણાવીને પરિવાર અને સમાજમાં સુખ-સમૃધ્ધિ લાવીએ. ગુજરાતમાં ઠેરઠેર વિવિધ શાળાઓ અને કોલેજોની સુવિધા ઉપલબ્ધ છે ત્યારે આપણે બાળકોને જરૂર સારૂ ભણાવીએ. સાંસદશ્રીએ કહયું કે બાળકોના અભ્યાસ રસ-રૂચિ અને આવડતનો ખ્યાલ રાખી શરૂઆતથી જ તેના અભ્યાસમાં પુરતી કાળજી રાખીએ તો બાળક ઘણી -ગતિ કરી શકે છે. વાલીઓને શાળાની મુલાકાત લેવા તથા શિક્ષકો સાથે સંપર્ક કેળવી બાળકની -ગતિથી માહિતગાર રહીને બાળકને હુંફ, માર્ગદર્શન અને -ેત્સાહન આપવા જણાવ્યું હતુ. તેમણે કહ્યુ કે શિક્ષણ જ એક અકસીર ઈલાજ છે જે તમામ સમસ્યાઓમાંથી આપણને મુક્તિ અપાવી સુખ અને શાતિ આપે છે. સાંસદશ્રી હરિભાઈ ચૌધરીએ કહયું કે વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શ્રેષ્ઠ શાસનમાં દેશભરમાં ઝડપથી -ગતિ અને સુખ સમૃધ્ધિ આવશે.

# સિવિલ ડૉક્ટરના બનાવટી સર્ટિફીકેટે ૧૧ વર્ષીય સગીરાના લગ્નનો કારસો રચનાર ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૧૯

બનાસકાંઠાના ડીસા ખાતે ઉત્તર પોલીસ મથકે એક ચકચારી કેશ નોંધાયો છે. જેમાં માત્ર ૧૧ વર્ષની સગીર કિશોરીને એક યુવક અને તેના પરિવારજનોએ ખોટા દસ્તાવેજોએ પુખ્ત બતાવી લગ્ન કરતા ત્રણ વિરૂદ્ધ ડીસા ઉત્તર પોલીસમાં ફરિયાદ નોંધાવેલ છે. જેમાં ચોંકાવનારી એ હકીકત બહાર આવેલ છે કે એક સરકારી ડોક્ટરે આ સગીરા પુખ્ત હોવાનું સર્ટી ફિકેટ આપતા આ લગ્ન નોંધણીનો કારસો રચાયો હતો. જો કે અપુરતા દસ્તાવેજોએ પાલિકા ક્લાર્કે આ લગ્ન ન નોંધાતા અને કિશોરીના પિતાને આ વાતની જાન કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને ત્રણ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બનાસકાંઠાના ડીસામાં અમદાવાદનાં શાહપુર વિસ્તારમા રહેતી એક સગીરાને ડીસા તાલુકાના કમોડી ગામે રહેતો સુરેશભાઈ મગનભાઈ પરમાર ગત ૨૯ માર્ચ ૨૦૧૪નાંરોજ લગ્ન કરવાની લાલચે, લલચાવી ફોસલાવી ભગાડી ગયો હતો. જોકે આ કિશોરીના માતા-પિતાએ તે બાદ આ મામલે અમદાવાદ માધવપુરામાં એક ફરિયાદ દાખલ કરાવી હતી. અને અમદાવાદ માધવપુરા પોલીસે યુવતીની શોધખોળ પણ હાથ ધરી હતી, જો કે તેવા જ સમયે યુવતીના પિતાને અમદાવાદ ખાતે ગત તારીખ ૭ જૂન-૨૦૧૪ના રોજ એક ટપાલ મળી હતી, આ ટપાલમાં ફરિયાદી મનુભાઈ પેથાભાઈ દલિતની ગુમ થયેલી ૧૧ વર્ષીય દીકરીના રજીસ્ટર લગ્ન નોંધાવવાની અરજી ડીસા નગરપાલિકામાં નોંધાયા વિના પેન્ડીંગ પડેલ હોવાનું જણાવ્યું હતું,

જેથી પીડિત પરિવાર ચોંકી ઉઠ્યો હતો કેમ કે તેમની દીકરી ધોરણ ચાર ભણેલી હતી અને તે માત્ર ૧૧ વર્ષની હતી, જેથી આ લગ્ન કેવી રીતે શક્ય બન્યા તેની તેમને ડીસા આવી તપાસ હાથ ધરતા આ લગ્ન પાલનપુર સિવિલ હોસ્પિટલના એક ડોક્ટરના સર્ટિફિકેટ આધારે ડીસા નગરપાલિકા કચેરીમાં નોંધાવવા આવી હતી જો કે માત્ર તબીબી સર્ટિફિકેટ આધારે આ અરજી ગ્રાહ્ય ન રાખતા પાલિકા કચેરીમાં આ લગ્ન નોંધાઈ શક્યાં ન હતા. આમ ૧૧ વર્ષીય કિશોરીને ભગાડી જનાર આરોપી સુરેશભાઈ મગનભાઈ પરમાર અને તેને મદદ કરતા આરોપી જ્યોત્સનાબેન છગનભાઈ પરમાર તેમજ હંસાબેન રકજીભાઈ પરમાર તમામ રહે. ગામ કમોડી, તાલુકો ડીસા વાળાઓએ એકબીજાની મદદગારીથી બનાવતી દસ્તાવેજો ઉભા કરી તેને સાચા તરીકે ઉપયોગ કરી ૧૧વર્ષીય સગીરાને પુખ્ત બતાવી, તેના ડીસા નગરપાલિકામાં લગ્ન નોંધણી કરાવવાનો કારસો રચી ફોજદારી ગુનો કર્યો હતો, આ ગંભીર ગુનામાં પાલનપુર સિવિલના ડોક્ટરે પણ ખોટું સર્ટિફિકેટ ઈશ્યુ કરી ગુનામાં મદદગારી કરેલ હોઈ પીડિત મનુભાઈ દલિતે ડીસા ઉત્તર પોલીસમથકમાં ત્રણ આરોપી વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) વિગેરે મુજબ ફરિયાદ નોંધાવતા ચકચાર મચેલ છે. અને પોલીસે બનાવટી દસ્તાવેજોએ લગ્ન કરનાર અનેમદદ કરનાર તમામને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે.

# ખેડબ્રહ્મા પાલિકામાં લાખો રૂપિયાનાં સાધનો આવ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા નગરપાલિકામાં સફાઈના સાધનો તથા ફાયર બુલેટની ફાળવણી કરવામાં આવતા પાલિકાને ઘણો મોટો ફાયદો થશે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈ રાજાભાઈ પટેલ-કારોબારી ચેરમેન અરવિંદભાઈ વી. રાવલ તથા ચીફ ઓફીસર હરીશભાઈ અગ્રવાલના જણાવ્યા અનુસાર સરકારના ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી ગાંધીનગર દ્વારા પાલિકાને જેસીબી-૧, ટ્રેકટર-૨, ટ્રોલી-૨ સહીત એક ફાયર બુલેટની ફાળવણી કરવામાં આવી છે. પાલિકાને જેસીબી મળતાં સફાઈના કામો તથા દબાણ દુર કરવામાં મદદરૂપ સાબિત થશે. અને વાર્ષિક રૂ. ત્રણથી ચાર લાખ ના જેસીબી ભાડાની રકમમાં બચત થશે. પાલિકા પાસે હાલમાં જે ટ્રેકટર અને ટ્રોલી છે તેમાં વધારો થતાં સફાઈ કામ પણ ઝડપથી થશે. ફાયરબુલેટથી આગના નાના બનાવોને ઝડપથી શમાવી શકાશે જેથી નગરજનોને પણ સારી સગવડ ઉપલબ્ધ થશે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ -સંગે બનાસકાંઠા જીલ્લાના થરાદ મુકામે સરદાર સરોવર સહભાગી સિંચાઈ યોજના ગુજરાત રાજયના ચેરમેનશ્રી ગણેશભાઈ ચૌધરી અને પૂર્વમંત્રી તેમજ ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલના હસ્તે -નથમિક શાળા નં.૧,૨,૩ અને ૪માં બાળકોને -વેશ આપવામાં આવ્યો હતો. આ -સંગે આનંદનગરની -નથ.શાળા નં.૩ ના નવા બિલ્ડીંગનું ચેરમેનશ્રી ગણેશભાઈ ચૌધરીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં મહાનુભાવોએ બાળકોને ઉજજવળ ભવિષ્ય અને સુખમય કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી હતી. આ -સંગે બાળકોને તિલક કરી, મોં મીઠુ કરાવીને હર્ષભર્યા માહોલમાં શાળામાં -વેશ આપવામાં આવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં ૨.૫૦ લાખ ગુમ થયાની પોલીસ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૯

પોશીના તાલુકાના દેલવાડા (છાં) ગામના વપારીએ ખેડબ્રહ્મા સ્ટેટ બેંકમાંથી રૂ. ૨.૫૦ લાખની રકમ ઉપાડી મોટર સાયકલના હુકમાં ભરાવી મોટર સાયકલ ઉપર જતાં ફર્ટીલાઈઝર સુધીના રસ્તામાં પૈસા સાથેની થેલી ગુમ થયાની ફરિયાદ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં નોંધાતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર પોશીના તાલુકાના દેલવાડા (છાંછર) ગામના કરીયાણા અને બિયારણના પ્લોટનું કમીશનનું ગામ કરતા પ્રજાપત રમેશભાઈ ધુળાભાઈ બુધવારે ખેડૂતોના બિયારણના પ્લોટોની રકમ લેવા ખેડબ્રહ્માના સરદાર પટેલ રોડ ઉપર આવલ આવકાર ફર્ટીલાઈઝર્સ નામની દુકાનમાં ગયા હતા અને તેઓ ખેડૂતોના બિયારણ પ્લોટનાની રકમ પેટે રૂ. ૨.૫૦ લાખનો ચેક લઈ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ગયા હતા. બેંકમાંથી રૂ. ૨.૫૦ લાખ ઉપાડી રકમ સાથેની થેલી મોટર સાયકલ નંબર જીજે-૯-સીકે ૫૮૭૮ના હુકમાં ભરાવી હતી અને મોટર સાયકલ ચાલુ કરી આવકાર ફર્ટીલાઈઝર્સ જવા માટે નીકળ્યા હતા. દરમિયાન બેંક અને ફર્ટીલાઈઝર્સની દુકાન વચ્ચના રસ્તામાં પૈસા સાથેની બેગ ગુમ થઈ ગઈ હતી. આ અંગે રમેશભાઈ પ્રજાપતે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખેડબ્રહ્માના સેકન્ડ પી.એસ.આઈ. એસ.વી. ચૌધરીએ જણાવ્યું હતું કે બેંકના સીસી ટીવી કેમેરાનાં ફૂટેજ ઉપરથી તપાસ ચાલુ છે.

## માતા-પિતા બાળકને જન્મ આપે છે પરંતુ જીવન શાળા આપે છે

મહેસાણા જિલ્લામાં શહેરી કક્ષાના શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માદરે વતન વડનગરથી કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે વડનગર શહેરની ભાલેસરા, વડબારા, ધારપુર, અર્જુનબારી, નદીઓળ, અમરથોળ અને વડનગર કુમાર શાળા ૦૩ તેમજ બી.એન. હાઈસ્કૂલના બાળકોને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલની સાથે નગરપાલિકા પ્રમુખશ્રી સુનિલદત્ત મહેતાએ પણ બાળકોને કુમકુમ તિલક કરી પ્રવેશ આપાવ્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે આ ધરતીના પુત્ર નરેન્દ્રભાઈ મોદીએ પ્રબળ પુરૂષાર્થ કરી રાજ્ય અને દેશનો વિકાસ કર્યો છે. આજે સમગ્ર દેશ અને દુનિયામાં વડનગરનું નામ ગૌરવથી લેવાય છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત રાજ્યના મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે કરી હતી.

# ઊંઝા તાલુકામાં યુવતીઓને ભગાડી જવાના વધતા કિસ્સાઓ

ઊંઝા, તા. ૧૯

ઊંઝા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી સગીરવયની તેમજ પુખ્યવયની યુવતીઓને ભગાડી જવાના કિસ્સાઓ દિન પ્રતિદિન વધતા જાય છે.

ઊંઝા તાલુકાના સૂણોક ગામે રહેતા એક પરિવારની સગીરવયની દિકરીને નજીકના જ ગામનો એક શખ્સ લલચાવી ફોસલાવીને કયાંક ભગાડી ગયો હોવાની વધુ એક ફરિયાદ થવા જાય છે. તાલુકાના સૂણોક ગામે રહેતા અને ખેતીનું કામ કરતા ખેડૂતની ૧૭ વર્ષીય દિકરી સવારે કુદરતી હાજતે જવા નીકળી હતી જે પરત ઘરે ન આવતા પરિવારજનોએ તપાસ કરતા નજીકના વિસલવાસણા ગામના રાવળ જ્ઞાતિના બે શખ્સો સગીરાને લગ્નની લાલચ આપીને ઓટો રીક્ષામાં બેસાડી કયાંક ભગાડી ગયા હોવાનું માલુમ પડયું હતું. આ અંગે પોલીસમાં જાણ કરાતા પોલીસ સગીરાની શોધખોળ હાથ ધરી છે.

# ભાવિને ઉજજવળ બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ એટલે શિક્ષણ : અશોકભાઈ ભાવસાર



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

## પ્રાંતિજ શહેરી વિસ્તારની શાળાના પ્રાથમિક શાળાઓમાં બાળકોનું નામાંકન કરાયું

હિંમતનગર, તા. ૧૯

આજનો બાળક એ આવતી કાલનો ભાવિ નાગરીક છે. બાળકને સાચી સમજ અને કેળવણી માટે -નથમિક શિક્ષણ આવશ્યક છે અને ભાવિને ઉજજવળ બનાવવાનો શ્રેષ્ઠ માર્ગ જ શિક્ષણ છે. એમ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન અશોકભાઈ ભાવસારે બાળકોનું -ાંતિજ શહેરની -નથમિક શાળાના બાળકોનું નામાંકન કરાવતાં જણાવ્યું.હતું.

સાબરકાંઠા જિલ્લાના શહેરી વિસ્તારમાં કન્યા કેળવણી અને શાળા -વેશોત્સવ,મહોત્સવ,-૨૦૧૪ કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે -ાંતિજ શહેરની રામનગર, નવાપુરા, જેસંગપુરા અને ચંચળબાનગર -નથમિક શાળાના બાળકોને દફ્તર તથા શૈક્ષણિક કીટ આપી નામાંકન કરાવ્યા બાદ ચેરમેનશ્રીએ ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્રારા -નથમિક શાળાઓમાં ભૌતિક સૂવિધા તથા સવલતો ઉભી કરવામાં આવી છે વળી બાળકોના રસ અને રૂચિ -માણે શક્ષણિ આપવાનું કાર્ય કરવામાં આવે છે જેને લઈ હવે શાળામાંથી અધ્ધ વચ્ચે અભ્યાસ છોડી મૂકતા બાળકોની સંખ્યા ઘટી છે.

આ -સંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, વી.ડી.ઝાલા, -ાંતિજ નગર પાલિકાના -મુખ સંજયભાઈ પટેલ, જીલ્લા પંચાયતના પૂર્વ -મુખ જયેન્દ્રસિંહ રાઠોડ તથા નગરપાલિકા સદસ્યો તાલુકા -નથમિક શિક્ષણાધિકારી ટી.કે.વાઘેલા, તાલુકા,સી.આર.સી. કો-ઓર્ડીનેટર, સી.ડી.પી.ઓ, શહેરીજનો તથા શાળાના શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસથિત રહયા હતા.

# ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા. ૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તસ્કરો ત્રાટકયા. રૂા.૩૯,૦૦૦/-ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકામાં ચોરીના અવાર-નવાર બનાવો ઠેર-ઠેર બનતા પ્રજાજનો ભયભીત બન્યા છે. ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આવેલ કોમ્પ્યુટર રૂમનું તાળું તસ્કરોએ તોડી અંદર પ્રવેશ કરી કોમ્પ્યુટર રૂમમાંથી સી.પી.યુ.નંગ-૩ કિંમત રૂા.૧૨,૦૦૦/- છે. સી.પી.યુ.નંગ-૯ તોડી નાખી હાર્ડ-ડીસ્ક, મધરબોર્ડ, રેમની કિંમત રૂા.૨૭,૦૦૦/-કુલ મુદ્દામાલની કિંમત રૂા.૩૯,૦૦૦/-હોવાનું જાણવા મળેલ છે. ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કોમ્પ્યુટર રૂમમાં અજાણ્યા તસ્કરોએ ચોરી કરી પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અજાણ્યા તસ્કરોએ ચોરી કરી તસ્કરોએ પોતાનું નવું તાળુ મારી ચાવી લઈ ભાગી ગયા હતા.તસ્કર ટોળકીએ નવિન નુસખો અજમાવતા લોકોએ આશ્ચર્યચકિત બની ગયા હતા. ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ આચાર્ય ડૉ.દિનેશચંદ્ર ચૌબિસાએ આ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન ચોરીઓના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. ભિલોડા પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવામાં આવે તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત આર. જી. બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી માધ્યમ ધોરણ.૧ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આનંદ, ઉત્સાહભેર યોજાયો હતો. વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી, મોઢું મીઠુ કરાવી મીઠાઈ ખવડાવી ઉમળકાભેર અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, યુવાન અને ઉત્સાહી ટ્રસ્ટી મીતુલકુમાર બારોટ, દેવાંગકુમાર બારોટ તેમજ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનો સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વચન પાઠવ્યા હતા. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટએ જણાવ્યું હતું કે અક્ષર ઈન્ટરનેશનલ સ્કલના વિદ્યાર્થીઓને વિશ્વના ફલક ઉપર મુંકવા માંગુ છું ત્યારે ઉપસ્થિત લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# સાબરકાંઠા જિલ્લા પ્રેસ ક્લબ દ્વારા એક દિવસનો ટુંકો પ્રવાસ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પત્રકારો દ્વારા ચાલતુ સાબરકાંઠા પત્રકાર સંઘ કે જે સાબરકાંઠા પત્રકાર મંડળ સાબરકાંઠા પ્રેસ ક્લબ દ્વારા જાણીતુ છે તે સર્વે સાબરકાંઠા પ્રેસ પત્રકારો દ્વારા એક દિવસનો પ્રવાસ ખેડવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લામાં આવેલ વિવિધ સાપ્તાહિક પેપરો દૈનિક પેપરો, વિવિધ ટીવી ચેનલોના રિપોર્ટરો વગેરે દ્વારા ચાલતા સાબરકાંઠા પ્રેસ ક્લબના પદાધિકારીઓ તથા કાર્યકરો તથા સભ્યોની વનીકરણ વિભાગના સહયોગથી વનીકરણ પ્રવાસ તથા વિરેશ્વર, શાનેશ્વર, ધાર્મિક સ્થળો સહિત વિજયનગરમાં આવેલ જંગલ પોળોનો પ્રવાસ તા. ૧૮-૬-૨૦૧૪ને બુધવારના કરવામાં આવ્યો હતો. જેમાં વનીકરણ વિભાગના મુખ્ય અધિકારી શ્રીમાળી સાહેબના માર્ગદર્શન હેઠળ જંગલમાં ચાલતી વનીકરણ પદ્ધતિ તથા જંગલમાં ઉછેરવામાં આવતી આયુર્વૈદિક ઓષધિઓ વિશે માહિતી આપવામાં આવી હતી જ્યારે વન જીવી પ્રાણીઓ તથા જંગલની જાળવણી અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું. જ્યારે ટુરીઝમ માટે ચાલતી વિવિધ સેવાઓ તથા જંગલની દેખરેખ અને રજોરજથી જાણકાર વાઘેલા દ્વારા જંગલથી લઈ જંગલની અંદર આવેલ પૌરાણિક, ધાર્મિક હિન્દુ મંદિરો તથા પોળો વિષે રજોરજની માહિતી પુરી પાડી હતી.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન